# 19. એક બપોરે

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) ખેતરના શેઢે શું બન્યું હતું?

(A) બળદ થાકીને બેસી ગયા હતા.

(B) સારસી ઊડી ગઈ હતી.

(C) વરસાદ તૂટી પડ્યો હતો.

(D) ગળા સમું ઘાસ ઊગી ગયું હતું.

2) કવિ કયા વૃક્ષ નીચે બેઠા હતા?

(A) બાવળ

(B) બોરડી

(C) આંબો

(D) મહુડી

2. એક-એક વાક્યમાં ઉત્તર આપો:

1) ઢોચકીમાં છાશ પાછી રેડવાનું કવિ કોને કહે છે?

- ઢોચકીમાં છાશ પાછી રેડવાનું કવિ પોતાની માતાને કહે છે.

2) કવિ ભારવેલો અગ્નિ ઠારી દેવાનું કેમ કહે છે?

- કવિને હવે કોઈ કાર્યમાં કે વસ્તુમાં રસ રહ્યો ન હોવાથી કવિ ભારવેલો અગ્નિને ઠારી દેવાનું કહે છે.

## 3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

### 1) કવિ ક્યાં સુધી મહુડીની છાંય તળે પડી રહેવા માગે છે?

- આખું આકાશ ભલે રેલાઈ જાય. તેમના ગળા સુધી ઘાસ ભલે ઊગી જાય, અર્થાત્ જીવનના અંત સુધી કવિ મહુડીની છાંય તળે પડી રહેવા માગે છે.

## 4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો:

### 1) સારસીના ઊડી જવાથી કવિ ઉપર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.

- કવિ ગ્રામજીવન સાથે સંકળાયેલા છે. ખેતર, શેઢો, સારસી, ભાથું, ચલમની તમાકુ, મહુડીના છાંયે કરાતો આરામ, બળદ, હળ વગેરે તેમના જીવનમાં વણાયેલા છે. એમાં અચાનક પોતાના ખેતરના શેઢેથી સારસી ઊડી જતા કવિ વ્યાકુળ થઈ જાય છે. તેમને ક્યાંય ચેન પડતું નથી. તેમને જમવામાં પણ રસ રહ્યો નથી, એટલે તેઓ બપોરે જમવા માટે ઢોચકીમાંથી કાઢેલી છાશને ફરી ઢોચકીમાં રેડી દેવાનું અને રોટલા બાંધી દેવાનું એમની માતાને કહે છે. ચલમની તમાકુમાં પણ તેમને કસ જણાતો નથી. તેમને મહુડીની છાંય નીચે માત્ર પડ્યા રહેવું છે. ભલે આકાશમાંથી તડકો રેલાઈ જાય, ગળા સુધી ઘાસ ઊગે તોપણ તેને એની પરવા નથી. હવે તો બળદને હળ જોતરવાની પણ ના પાડી દે છે. સારસીના પ્રતીક દ્વારા તે પ્રતિબિંબિત થાય છે.

### 2) ગ્રામજીવનમાં ખેતર-વાડીનું બપોર વેળાનું ચિત્રાત્મક વર્ણન કરો.

- ગ્રામજીવનમાં ખેતર-વાડી એ ખેડૂતની જીવાદોરી છે. સવારે નાહી-ધોઈ શિરામણ કરીને ખેડૂત પોતાના ખેતરે જવા નીકળી પડે. બપોર સુધી ખેતરમાં બળદને હળ સાથે જોતરી કામ કરે. બપોર થતાં જ પત્ની ભાથું લઈને આવી હોય. બંને સાથે બેસીને છાશ-રોટલો જમે. સાથે ડુંગળીનો દડો કે લસણની ચટણી હોય. થોડી વાર મહુડીને છાંયે આરામ કરે. હળમાંથી છૂટા કરેલા બળદ પણ આમતેમ ફરે, ઘાસ ચરે અને થોડી વાર એ પણ આરામ કરી લે. ખેતરની એક બાજુ પાણીનો પંપ ચાલતો હોય. શેરડી ઊગી હોય, તો શેરડીનો કોલુ પણ ફરતો હોય. એક બાજુ ગોળ તૈયાર થતો હોય, તો બીજી બાજુ શેરડીનો રસ નીકળતો હોય. આવનાર મહેમાનોને સોના જેવો પીળો ગોળ ખાવા આપે અને આદુ-લીંબુ નાખીને શેરડીના રસ પાય. આ રીતે મહેમાનોનું સ્વાગત કરે. નાના બાળકો વડવાઈ પર ઝૂલતા હોય. બપોર વેળાનું આવું સુંદર દૃશ્ય તો ગામડાનાં ખેતરોમાં જ જોવા મળે.